૯૮

25 SEAT No.________

# SARDAR PATEL UNIVERSITY

No. of Pages : 02

FYBA Examination, II Semester

Day : Tuesday Date : 02-04-2019

Session : Morning Time : 10.00 am to 1.00 pm

Subject Code : UA02SGUJ22 / Paper No. 22

Subject Title : ગુજરાતી ભાષા કૌશલ-૨

Total Marks : 70

---

નોંધ : જમણી બાજુનાં આંકડા ગુણ દર્શાવે છે

પ્ર.૧ નીચેનામાંથી ગમે તે એક વિશે નિબંધ લખો : (૨૦)

૧. નારી તું નારાયણી

૨. મારો પ્રિય સાહિત્યકાર

પ્ર૨. નીચેનામાંથી કોઇ દસ શબ્દોના વિરોદ્ધાર્થી સમજાવો (૧૦)

| | | | | |
|---|---|---|---|---|
| ૧. આઝાદી | ૨. આરોપી | ૩. જમા | ૪. જન્મ | ૫. નિવૃત્ત |
| ૬. પિયર | ૭. પ્રત્યક્ષ | ૮. ભારતી | ૯. મિત્ર | ૧૦. મરજિયાત |
| ૧૧. લીલુ | ૧૨. લેખિત | ૧૩. વકીલ | ૧૪. ઉપર | ૧૫. આગળ |
| ૧૬. લઘુમતી | ૧૭. નિંદા | ૧૮. ગરમી | ૧૯. કઠિન | ૨૦. કડવું |

પ્ર૩.અ નીચેનામાંથી ગમે તે પાંચ કહેવતોના અર્થ સમજાવી તેને વાક્યમાં પ્રયોજો (૧૦)

૧. અન્ન એવો ઓડકાર ૬. ખાલી ચણો વાગે ઘણો

૨. આખું કોળું શાકમાં જવું ૭. ખાડો ખોદે તે પડે

૩. આગમાં તેલ રેડવું ૮. ગણી ગણીને પગલાં મૂકવાં

૪. આપભલા તો જગ ભલા ૯. ઘી-ગોળ

૫. કાચા કાનનું ૧૦. ઘેર ઘેર માટીના ચુલા

પ્ર૩.બ નીચેનામાંથી ગમે તે પાંચ રૂઢિપ્રયોગોના અર્થ સમજાવી તેને વાક્યમાં પ્રયોજો (૧૦)

૧. અડ્ડો જમાવવો ૬. ધોળામાં ધૂળ પડવી

૨. ઈજ્જતના કાંકરા થવા ૭. નાહી નાખવું

૩. કાગ ડોળે રાહ જોવી ૮. પથરો નાખવો

૪. ખભો દેવો ૯. પેંગડામાં પગ ઘાલવો

૫. ચરી ખાવું ૧૦. માખણ ચોપડવું

પ્ર૪. નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો (૨૦)

થોડો વગડાનો શ્વાસ

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
પ્હાડોનાં હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર,
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર
રોમ મારાં ફરકે છે ઘાસમાં
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં



(PTO)

સૂરજનો રંગ મારાં પાંદડાં પીએ ને
પીએ માટીની ગંધ મારાં મૂળ;
અર્ધું તે અંગ મારું પીળાં પતંગિયા ને
અર્ધું તે તમરાનું કુળ;
થોડો અંધારે, થોડો ઉજાસમાં.
થોડો ધરતીમાં થોડો આકાશમાં
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
- જયંત પાઠક

અથવા

પ્ર.૪ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો

તીર્થોત્તમ

ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની
પુરી  કાશી  કાંચી અવધ, મથુરા ને અવર સૌ
ભમ્યો યાત્રાધામો અડસડ જલે સ્નાન કરિયાં
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોદક ભરી.
છતાં રે ના લાધ્યું પ્રભુ ! પુનિત એકકે તીરથ જયાં
શકે મારી છીપી ચરમ મનીષા તું - દરશની !
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં,
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !
અમે બે સાંજુકા સહજ મઢી–ઓટે નિત પઠે
વળ્યા'તા વાતોએ નયન નમણાં ને સખી તણાં
ઢળયા'તા વાત્સલ્યે, મૃદુલ નવજાતા કલી પરે-
ઝૂકી, ઢાંકી અરધપરધા પાલવ થકી
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃતઝરા !
મને એ ચક્ષુમાં પ્રભુ ! જગત તીર્થોત્તમ મળ્યું.
- બાલમુકુન્દ દવે

----------X------------X---------------X----------